સાતમા પગાર પંચના અમલ સંદર્ભે તા.૦૧-૦૧-૨૦૧૬ કે ત્યાર બાદ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુરીના કેસમાં પગાર બાંધણીનો અગાઉ આપેલ વિકલ્પ બદલવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: પગર - ૧૦૨૦૧૬ - ૮ - પગાર એકમ
સચિવાલય, ગાંધીનગર
તા. ૭ /૧૨/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનું જાહેરનામું ક્ર: (જીએન-૪૯) પગર-૧૦૨૦૧૬-૨-પગાર એકમ તા.૧૯-૮-૨૦૧૬

(૨) ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો, ૨૦૦૨

(3) ભારત સરકારના નાણા મંત્રાલય, ખર્ચ વિભાગ ની કચેરી યાદી(OM) No: 1-62016-IC(Pt.) તા.૨૯-૯-૨૦૧૬

સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણોનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરીને નાણા વિભાગના તા.૧૯-૮-૨૦૧૬ના જાહેરનામાથી રાજ્યના સરકારી અને પંચાયતના કર્મચારીઓને પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૧૫-૧૧-૨૦૦૨ના જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ- ૧૩ ની જોગવાઈ અનુસાર કર્મચારીની બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુરીના કેસમાં કર્મચારી તેના આગામી ઈજાફાની તારીખથી બઢતીનો વિકલ્પ આપી શકે છે.

ગુજરાત રાજ્ય (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ તા.૧૯-૮-૨૦૧૬ ના જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ છે અને તેનો અમલ તા.૦૧-૦૧-૨૦૧૬થી કરવામાં આવેલ છે. તેથી તા.૦૧-૦૧-૨૦૧૬ કે ત્યાર બાદ પરંતુ જાહેરનામાની તારીખ તા.૧૯-૮-૨૦૧૬ અગાઉ જે કર્મચારીને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓએ અગાઉ વિદ્યમાન પગાર માળખામાં આપેલ પગાર બાંધણીનો વિકલ્પ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ના અમલ બાદ લાભદાયક ન હોય તો તે બદલવાની મંજુરી આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં સઘન વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ**

જે કર્મચારી/અધિકારીને તા.૦૧-૦૧-૨૦૧૬ કે ત્યાર બાદ પરંતુ ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ના જાહેરનામાની તારીખ તા.૧૯-૮-૨૦૧૬ અગાઉ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હોય અને તેમણે ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમોની જોગવાઈ હેઠળ પગાર બાંધણીનો વિકલ્પ આપેલ હોય તેવા કર્મચારી/અધિકારીએ

૨...

અગાઉ આપેલ વિકલ્પ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ના અમલ બાદ **લાભદાયક ન હોય** તો અગાઉ આપેલ વિકલ્પ બદલી શકશે. સબંધિત કર્મચારી/અધિકારી આ ઠરાવની તારીખ થી એક માસ (1 month) માં પગાર બાંધણીનો વિકલ્પ આપી શકશે. આ રીતે બદલવામાં આવેલ વિકલ્પ આખરી ગણાશે, ત્યાર બાદ વિકલ્પ બદલી શકાશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર.
પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
નિરીક્ષકશ્રી.સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
આઈટી કો-ઓર્ડીનેટર, નાણા વિભાગ
ઉપરોકત ઠરાવની નકલ નાણા વિભાગની વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ. ચ. પેન્શન અને ઝ શાખા

* પત્ર દ્વારા